જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૨/૨૦૧૪ બુધવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૭૩/૧૪**

**વટવા પો.સ્ટે. :-**

(૧). વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં. ૬૬/૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજબના કામના ફરીયાદી શ્રી આનંદ જુગલદાસ રાણવા ઉ.વ ૪૧ ધંધો રીક્ષા ડ્રાયવીંગ મ.નં ૧૫૮ હરીદર્શન સોસા. સંકેત ટેનામેન્ટ ની સામે મોની હોટલ ના ખાચામાં નાઓની ફરીયાદના કામમાં ગઇ તાઃ ૨૩.૨.૧૪ ના કલાક ૨૦.૦૦ થી તાઃ ૨૪.૨.૧૪ ના કલાક ૭.૩૦ પહેલા કોઇપણ સમયે ફરી.ના ઘર આગળથી ફરી.ની સી.એન.જી ઓટો રીક્ષા નં જી.જે.૨૭.ટી. ૮૮૧૪ કિ.રૂ. ૩૦.૦૦૦/- ની મતાની ચોરી કરી લઇ ગયા મતલબની પો.સ.ઇ શ્રી કે.એસ. ચૌધરી નાઓએ તાઃ ૨૪.૨.૨૦૧૪ ના રોજ ઉપરોક્ત નંબરથી ગુનો રજીસ્ટર કરી તપાસ હાથ ધરેલ આ ગુનાની તપાસ દરમ્યાન કાલુપુર પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ શ્રી આર.એ.મકવાણા તથા સ્ટાફના માણસોએ આરોપીઓ નં-(૧) આમીરખાન નાસીરખાન પઠાણ ઉં.વ.૨૩ રહે,નવાબનગર અલમુસ્તુફા મસ્જીદની પાછળ ઇશનપુર અ'વાદ (૨) રાજુ સ/ઓ નઇક અહેમદ શેખ ઉં.વ.૨૨ રહે,ફઝલ કિરાણા સ્ટોર્સ ની સામે નવાબનગર ચંડોળા તળાવ શાહ આલમ અ'વાદ શહેર નાઓને ઉપરોક્ત ગુનાની સી.એન.જી ઓટો રીક્ષા નં જી.જે.૨૭.ટી. ૮૮૧૪ કિ.રૂ. ૯૦.૦૦૦/- ની સાથે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરેલ હોઇ જેથી અત્રે વટવા પો.સ્ટે. જાણ કરતા વટવા પોલીસ સ્ટેશનના પો.સ.ઇ શ્રી કે.એસ.ચૌધરી નાઓએ ઉપરોક્ત બન્ને આરોપીઓને તાઃ૨૫/૦૨/૨૦૧૪ ના કલાક ૦૮.૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૨). વટવા પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૬૫/૧૪ ઇપીકો કલમ ૩૨૩,૩૯૪, ૨૯૪(ખ),૧૧૪ જીપીએકટ ૧૩૫(૧) મુજબના કામના આરોપી (૧) મઝ્નીરામ ઉર્ફે મનીરામ સ/ઓ રામધાળ સપોનાથ ઉં.વ.૩૭ રહે,મ.નં.૭૨ સૌજન્ય ટેનામેન્ટ ખારાવાલા કંમ્પાઉન્ડ ની સામે ઇસનપુર અ'વાદ શહેર નાને વટવા પોલીસ સ્ટેશનના પો.સ.ઇ શ્રી વી.એમ.પઠાન નાઓએ તાઃ૨૫/૦૨/૨૦૧૪ ના કલાક ૨૧.૫૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

(૩) આરોપી રફીક @ રફીયુદીન શાહબુદ્દીન શેખ ઉવ.૨૭ રહે સીમા રો હાઉસ કોઝી હોટલ પાછ્ળ ગલીમાં નારોલ અમદાવાદ શહેર નાને વટવા પોલીસ સ્ટેશનમાં દેશી દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી. /ડી.ટી.એન./પાસા/ ૧૬૦/૧૪ તા.૨૫/૦૨/૧૪ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૫.૦૨.૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી જુનાગઢ જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે

(૪) આરોપી અઝરૂદ્દીન @ અઝહર કાલીયા જહરૂદીન અંસારી ઉવ.૨૫ રહે એ/૨૭ રહીમનગર લવ પનના ગલ્લા પાછળ બોમ્બે હોટલ દાણીલીમડા અમદાવાદ શહેર નાને વટવા પોલીસ સ્ટેશનમાં દેશી દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી. /ડી.ટી.એન./પાસા/ ૧૬૧/૧૪ તા.૨૫/૦૨/૧૪ હુકમ આધારે સદરી આરોપીને તા.૨૫/૦૨/૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી રાજકોટ જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે

(૫) આરોપી ખીમસિંહ ટીલસિંહ ઠાકુર ( રાજપુત) ઉવ.૨૩ રહે દાબેલ ચેક પો.સ્ટ રોનનગરના ઝુપડા વાપી તા-વાપી, જી.વલસાડ નાને વટવા પોલીસ સ્ટેશનમાં ઇગ્લીશ દારૂના કેસમાં પકડાયેલ જેમાં સદરી આરોપીને મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક પી.સી.બી. /ડી.ટી.એન./પાસા/૧૬૪/૧૪ તા.૨૫/૦૨/૨૦૧૪ હુકમ આધારે સદરી આરોપીને તા.૨૫/૦૨/૨૦૧૪ ના રોજ હુકમની બજવણી કરી સુરત જીલ્લા જેલ ખાતે પાસા અટકાયતમાં રહેવા સારૂ મોકલી આપેલ છે

**<u>દાણીલીમડા પો.સ્ટે.:-</u>**

દાણીલીમડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં.૩૩/૧૪ ઈપીકો ૩૦૨, તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ નાં ગુનાના કામનાં આરોપી રાજેશભાઈ ઉર્ફે રાજુ ઉર્ફે ગોરધન સ/ઓફ મફાભાઈ પીરાભાઈ પરમાર ઉ.વ.૨૮ ધંધો-ખેતીવાડી રહે, ગામ ભાભર સ્વરાજપુરા પરમાર વાસ તા-ભાભર જી-બનાંસકાંઠા નાએ સંગીતા મનુભાઈ ચૌહાણ ઉ.વ.૩૫ નાનીને ગઈ તા.૨૨/૨/૧૪ નાં કલાક ૨૧/૦૦ વાગ્યાનાં કોઈ પણ સમય પહેલા શાસ્ત્રીબ્રિજનાં છેડેથી સુએઝ ફાર્મ જવાનાં રોડ ઉપર ૨૦૦ મીટરનાં અંતરે રોડથી ૫૦ મીટર ઉત્તરે ઝાડીમાં જાહેરમાં દાણીલીમડા ખાતે લઈ જઈ શરીરે જુદાજુદા ભાગે છરીનાં જીવલેણ ઘા મારી મોત નિપજાવી નાશી-ભાગી જઈ તપાસ દરમ્યાન મળી આવેલ હોય સદરીને ઉપરોક્ત ગુનાના કામે તા.૨૫/૦૨/૨૦૧૪ નાં કલાક ૧૪/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે.

**<u>ક્રાઇમ બ્રાન્ચ :-</u>**

આજરોજ ક્રાઇમબ્રાન્ચ, પોલીસ સબ ઇન્સ્પેકટર, શ્રી એસ.એન. દેસાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે કોમ્બીગ નાઇટ રાઉન્ડ પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન રાતનાં ૨/૧૫ વાગ્યાનાં સુમારે હેડ.કોન્સ.ગુલાબજી ધુળાજી નાઓને મળેલ બાતમી હકિક્ત આધારે અમરાઇવાડી સ્વસ્તીક ચાર રસ્તા પાસેથી આરોપી રાકેશ ઉર્ફે બાબા S/O શ્રીરામલોચન જાતે કોરી ઉ.વ.૨૨ રહે, મજદુર મીશરીલાલની ચાલી, રખિયાલ સ્મશાન પાછળ, રખિયાલ અમદાવાદ શહેર નાનો પોતાના કબજામાં ગેરકાદેસર હથિયાર પરવાના વગર દેશી હાથ બનાવટનો તમંચો નંગ:-૧ કિ.રૂ.૨,૦૦૦/- તથા મોટો કાર્ટીસ નંગ-૧ કિ.રૂ.૧૦૦/- સાથે મળી આવતા આરોપી વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી ડી.સી.બી. પોલીસ સ્ટેશન II ગુ.ર.નં. ૩૦૧૬/૨૦૧૪ ધી આર્મ્સ એકટ કલમ:- ૨૫ (૧) બી-એ મુજબ ગુનો દાખલ કરવામા આવેલ છે. અને વધુ તપાસ પોસઇ.શ્રી આર.આઇ.જાડેજા નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.